**ફોજદારી કેસ નંબર : ૨૦૧/૦૪**

**-: આંક-૧ નીચેનો હુકમ :-**

આ કામે આજ રોજ લોક અદાલતમા ફરીયાદી હાજર છે. આરોપી હાજર નથી. ફરીયાદીએ આંક-.૩. થી સમાધાન પુરશીસ રજુ રાખેલ છે અને તેમા જણાવેલ છે કે પોતે હાલના કામે આરોપી સાથે સમાધાન કરવા માંગતા હોય પોતાનુ સમાધાન મંજુર કરવા અરજ કરેલ છે. ક્રિ.પ્રો.કો.ની ક.૩૨૦ ધ્યાને લેતા તથા નામ.ગુજરાત હાઈકોર્ટના તા.૫/૭/૧૬ ના સરકયુલર નં.સી.૨૬૧૯/૧૬ ધ્યાને લેતા સમાધાન કરવા માટે આરોપીની હાજરી અનીવાર્ય હોય તેવુ જણાતુ નથી. વધુમા ફરીયાદી પોતાની સ્વેચ્છાએ કોઈના દબાણમા આવ્યા વિના આવુ સમાધાન કરતા હોવાનુ જણાવે છે. આ કામના આરોપી સામે ઈ.પી.કો.ક.૩૭૯, મુજબના ગુનાનો આક્ષેપ છે. આરોપી સામેનો આક્ષેપીત ગુનો ક્રિ.પ્રો.કો.ની ક.૩૨૦ (૧) અન્વયે સામાધાન લાયક છે. આરોપી સામે હવે અન્ય કોઈ કલમ માટે હાલના કેસની ટ્રાયલ આગળ ચલાવવાની રહેતી નથી.

આ કામના આરોપી/આરોપીઓને તેમની સામેના ઈ.પી.કો.ક.૩૭૯, મુજબ ના સજા અને દંડને પાત્ર ગુનાના આરોપ બદલ ક્રિ.પ્રો.કો.ની ક.૩૨૦(૮) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ મુદામાલ રોકડ રકમ અંગે અગાઉ વચગાળાનો કરવામા આવેલ હુકમ બીનશરતી રીતે કાયમ કરવામાં આવે છે. જો અગાઉ કોઈ વચગાળાઓ હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલ રોકડ રકમ આ કામના ફરીયાદી/સાહેદને સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ વાહન આર.સી.બુકની ખરાઈ કરી તે મુજબના માલીકને સોંપી આપવું. બાકીના બીનકીંમતી મુદ્દામાલનો અપીલ સમય વીત્યે નાશ કરવો.

હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી,સંભળાવી,મારી સહી કરી જાહેર કર્યો

અમદાવાદ (હરીશકુમાર નવીનચંદ્ર રામાવત)

તારીખ:-૧૦/૨/૧૮

એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨૦, અમદાવાદ,(જીજે.૦૦૮૨૨)